તાત્કાલિક.

ક્રમાંક : પીઆરઇ/૧૧૦૩/સીસી.૫૬૩/ ક,
ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
૫. સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૭/૨/૦૪

પ્રતિ,

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

વિષય :- એસ. સી. એ. નં. ૧૨૪૦૧, ૧૨૫૬૪, ૧૩૨૫૮ વગેરે એ.ટી.ડી વિષયના વિદ્યાસહાયકની ૭ ટકા ભરતી કરવા અંગે.

સંદર્ભ :- (૧) સ્પે. સી. એ. નં. ૧૨૪૦૧, ૧૨૫૬૪, ૧૨૮૬૧, ૧૩૪૭૧, ૧૩૪૯૨ અને ૧૩૪૯૩/૨૦૦૩ અંગેનો નામદાર વડી અદાલતનો તા.૧/૧૦/૨૦૦૩નો સંયુકત ચુકાદો
(૨) સ્પે. સી. એ. નં. ૧૨૨૪૮/૨૦૦૩, તા.૩/૯/૨૦૦૩.
(૩) સ્પે સી એ નં. ૧૨૩૫૮/૨૦૦૩, તા.૨૪/૧૨/૨૦૦૩.

ઉપર્યુકત વિષય પરત્વેના આપના તા.૩૧/૧/૨૦૦૪ના પત્રાંક : પ્રા.શિ.નિ./ક/૦૪ અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે સંદર્ભ (૧) હેઠળ ઉલ્લેખેલ સ્પે.સી.એપ્લીકેશનોના સંયુકત ચૂકાદાને આધિન રહીને પ્રાથમિક શાળાઓમાંની હાલની ખાલી જગ્યાઓ પૈકી કુલ ૭ ટકાની મર્યાદામાં, ૪ ટકા જગ્યાઓ એ.ટી.ડી. (આર્ટ ટીચર ડિપ્લોમા) ની લાયકાતવાળા ઉમેદવારોથી અને ૩ ટકા જગ્યાઓ સંગીત વિષયના ઉમેદવારોથી ભરવાની રહેશે. ઉપરની ટકાવારી મુજબની એ.ટી.ડી. અને સંગીત વિષયના ઉમેદવારોની ભરતી માત્ર હાલની ખાલી જગ્યાઓ ભરવા પુરતી એકજ વખત કરવાની રહેશે., તે મુજબની જરુરી કાર્યવાહી કરવા વિનંતી છે.

ઉપર પ્રમાણેની ભરતી કરવા માટેની વિગતવાર સૂચનાઓ આપની કક્ષાએથી પ્રસારિત કરવા વિનંતી છે. અને તે પ્રમાણે નામદાર વડી અદાલતને જરુરી વિગતોથી માહિતગાર કરવા વિનંતી છે.

( બચુભાઇ નાયી )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ

નકલ રવાના :-
મૂળ ફાઇલમાં રાખવા સારું.
સિલેકટ ફાઇલ.

/ભા.૪
૭૨.